સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજનાના અમલીકરણ માટે રાજ્ય અને જિલ્લા કક્ષાની જગ્યાઓની મંજૂરી આપવા બાબત.

**ગુજરાત સરકાર**
**પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**
**સુધારા ઠરાવ ક્રમાંક: એસબીએમ/૧૦૨૦૧૬/એસએફએસ/૨૪(૧)/ખ-૨**
**સચિવાલય, ગાંધીનગર**
**તા.૨૯/૦૭/૨૦૧૬**

**વંચાણે લીધા:-**

(૧) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો અંગ્રેજી ઠરાવ ક્રમાંક: TSC/EST/102012/SFS/5/ KH-2, Dated-06/02/2012

(૨) ભારત સરકારની સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજનાની માર્ગદર્શિકા, તા. ૧૮/૧૨/૨૦૧૪.

(૩) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: સભગ/મકગ/૧૦૨૦૧૬/એસએફએસ/૨૪/ખ-૨, તા . ૧૯/૦૫/૨૦૧૬

**આમુખ :-**

સંદર્ભ (૧)માં દર્શાવેલ તા. ૦૬/૦૨/૨૦૧૨ ના ઠરાવથી નીચે મુજબની જિલ્લા કક્ષાની જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે:

| ક્રમ | જગ્યાનું નામ |
|---|---|
| ૧ | ડીસ્ટ્રીક્ટ કો-ઓર્ડિનેટર. |
| ૨ | એન્જીનીયર/સુપરવાઇઝર |
| ૩ | એકાઉન્ટ આસિસ્ટન્ટ |
| ૪ | આસિસ્ટન્ટ (કલાર્ક) |
| ૫ | ડેટા એન્ટ્રી ઓપરેટર |
| ૬ | પ્યુન |

સંદર્ભ (૩) માં દર્શાવેલ તા. ૧૯/૦૫/૨૦૧૬ ના ઠરાવથી નીચે મુજબની જિલ્લા કક્ષાની જગ્યાઓ ઉભી કરવા નાણાં વિભાગની મંજૂરી મળેલ છે.

| ક્રમ | જગ્યાનું નામ |
|---|---|
| ૧ | ટેક્નિકલ એક્ષપર્ટ સેનિટેશન એન્ડ હાઇજીન કન્સલટન્ટ |
| ૨ | આઇ.ઇ.સી/ઇકિવટી સોશિયલ એન્ડ બિહેવિયરલ ચેન્જ કમ્યુનિકેશન કન્સલટન્ટ |
| ૩ | એચ.આર.ડી/કેપીસીટી બીલ્ડીંગ કન્સલટન્ટ |
| ૪ | એસ. એલ. ડબલ્યુ. એમ. કન્સલટન્ટ |
| ૫ | મોનિટરીંગ એન્ડ ઇવેલ્યુએશન કમ એમ.આઇ.એસ. કન્સલટન્ટ |
| ૬ | ડેટા એન્ટ્રી ઓપરેટર |

સંદર્ભ (૧) અને (૩) ના ઠરાવોથી મંજૂર થયેલી જગ્યાઓ પર નિમણુક આપવા બાબતે કેટલાક જિલ્લાઓ તરફથી એવી પૃચ્છા કરવામાં આવી છે કે ડીસ્ટ્રીક્ટ કો-ઓર્ડિનેટર, એન્જીનીયર/સુપરવાઇઝર, એકાઉન્ટ આસિસ્ટન્ટ/એકાઉન્ટન્ટ, આસિસ્ટન્ટ (ક્લાર્ક), ડેટા એન્ટ્રી ઓપરેટર, પ્યુન વગેરે જગ્યાઓ જે તા. ૦૬/૦૨/૨૦૧૨ ના ઠરાવથી મંજૂર કરવામાં આવેલ હતી તે જગ્યાઓ તા. ૧૯/૦૫/૨૦૧૬ ના ઠરાવથી રદ થાય છે કે કેમ ?

**સુધારા ઠરાવ:-**

ઉપર જણાવેલ બંને ઠરાવોની જોગવાઇઓ લક્ષમાં લેતાં કાળજીપૂર્વકની વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

તા. ૦૬/૦૨/૨૦૧૨ તથા તા.૧૯/૦૫/૨૦૧૬ ના બંને ઠરાવો લક્ષમાં લેતા નીચે દર્શાવ્યા મુજબની જગ્યાઓ, જૂના જિલ્લા તથા સાત નવા જિલ્લાઓ મળીને કુલ - ૩૩ જિલ્લાઓમાં કરાર આધારિત/ પ્રતિનિયુક્તિથી ભરવાપાત્ર થાય છે.

| ક્રમ | જગ્યાનું નામ | મંજૂર થયેલ જગ્યાઓ | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ડીસ્ટ્રીક્ટ કો-ઓર્ડિનેટર. | ૧ | |
| ૨ | આસિસ્ટન્ટ કો-ઓર્ડિનેટર. (ટેક્નિકલ) એન્જીનીયર/સુપરવાઇઝર | | |
| ૩ | એકાઉન્ટ આસિસ્ટન્ટ/એકાઉન્ટન્ટ | ૧ | |
| ૪ | ટેકનિકલ એક્ષપર્ટ સેનિટેશન એન્ડ હાઇજીન | ૧ | |
| ૫ | આઇ.ઇ.સી/ઇંક્વિટી સોશીયલ એન્ડ બિહેવિયરલ ચેન્જ કમ્યુનિકેશન | ૧ | |
| ૬ | એચ.આર.ડી/કેપીસીટી બીલ્ડીંગ કન્સલટન્ટ | ૧ | |
| ૭ | એસ.એલ.ડબલ્યુ.એમ. કન્સલટન્ટ | ૧ | |
| ૮ | મોનિટરીંગ એન્ડ ઇવેલ્યુએશન કમ એમ.આઇ.એસ. કન્સલટન્ટ | ૧ | |
| ૯ | ડેટા એન્ટ્રી ઓપરેટર - ૨ | ૨ | તા.૦૬/૦૨/૨૦૧૨ ના ઠરાવમાં દર્શાવેલ આસિસ્ટન્ટ કલાર્કની જગ્યા ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યામાં મર્જ કરી (ભેળવી) દેવામાં આવી છે. |

જગ્યા ભરવા બાબતની અન્ય શરતો તા.૧૯/૦૫/૨૦૧૬ના ઠરાવમાં દર્શાવ્યા મુજબની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યુ. કે. પ્રકાશ)
ઉપસચિવ
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

**નકલ રવાના:-**

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર મુખ્યસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (પંચાયત)ના અંગત સચિવશ્રી , સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ(તમામ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, શહેરી ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- સચિવશ્રી, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો. ગાંધીનગર
- કમિશ્નરશ્રી-વ-અગ્રસચિવશ્રી, ગ્રામ વિકાસની કચેરી, બ્લોકનં. ૧૬/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૬/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે કલેક્ટરશ્રીઓ, (કમિશ્નર ગ્રામ વિકાસની કચેરી દ્વારા)
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, (કમિશ્નર ગ્રામ વિકાસની કચેરી દ્વારા)
- સર્વે નિયામકશ્રીઓ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (કમિશ્નર, ગ્રામ વિકાસની કચેરી દ્વારા)
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર
- શાખા ફાઇલ.
- પસંદગી ફાઇલ
- સીસ્ટમ મેનેજર , પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ સદર ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.